સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના
ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને
IIM,CEPT, NIFT,NLUની પરીક્ષાની પુર્વ
તૈયારી માટે કોચીંગ પેટે સહાય
રૂ.૩૦.૦૦ લાખ (પ્લાન) વર્ષ૨૦૧૪-૧૫

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૩/NB-૭૪૧./અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૦૩/૨૦૧૫ 25 MAR 2015

**વંચાણમાં લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૦૬-૮-૨૦૧૪ નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/NB-૭૪૧./અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૯-૧૦-૨૦૧૪ નો સુધારા ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/NB-૭૪૧./અ.૧

(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૨૪-૦૨-૨૦૧૫ નો સુધારા ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/NB-૭૪૧./અ.૧

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૪-૦૩-૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃ વિજાક/શિક્ષણ/૨૦૧૪-૧૫/૭૭૧

**સુ ધા રા ઠ રા વઃ-**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની IIM-CEPT-NIFT-NLU ની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે કોચીંગ પેટે સહાય અંગેના વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧)ના તા. ૦૬/૦૮/૨૦૧૪ના ઠરાવ તથા વંચાણ ક્રમાંક (૨) અને (3)ના અનુક્રમે તા.૨૯-૧૦-૨૦૧૪ તથા તા.૨૪-૦૨-૨૦૧૫ના સુધારા ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓને આગામી વર્ષની IIM-CEPT-NIFT-NLU જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વ તૈયારી માટેની યોજના અમલમાં છે. નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ ખાતાના વંચાણ લીધેલ ક્રમાંકઃ (૪)ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે ઉકત યોજના માટે વર્ષ-૨૦૧૪-૧૫માં ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ કે જેઓ માર્ચ-૨૦૧૫ની H.S.C.બોર્ડની / C.B.S.C. બોર્ડની ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપવાના હોય અને હાલ IIM-CEPT-NIFT-NLU ની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે જે તે સંસ્થામાં તાલીમ મેળવી/મેળવતા હોય તો તેની જાહેરાત આપી, અરજીઓ મેળવી ગ્રાન્ટની મર્યાદામાં આવેલ અરજીઓના ધો.૧૦ના ૭૦ ટકા કે વધુ માર્કસમાં મેરીટના આધારે રૂ.૨૦,૦૦૦/-કોચીંગ ફી સંસ્થાને/વિદ્યાર્થીઓને ચૂકવવા માટેની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે વર્ષ-૨૦૧૪-૧૫માં ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ કે જેઓ માર્ચ-૨૦૧૫ની H.S.C.બોર્ડની / C.B.S.C. બોર્ડની ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપવાના હોય અને હાલ IIM-CEPT-NIFT-NLU ની પરીક્ષાની પૂર્વ તૈયારી માટે જે તે સંસ્થામાં તાલીમ મેળવી/મેળવતા હોય તો તેની જાહેરાત આપી, અરજીઓ મેળવી ગ્રાન્ટની મર્યાદામાં આવેલ અરજીઓના ધો.૧૦ના ૭૦ ટકા કે વધુ માર્કસમાં મેરીટના આધારે રૂ.૨૦,૦૦૦/-કોચીંગ ફી સંસ્થાને/વિદ્યાર્થીઓને ચૂકવવા

માટેની આ યોજનાની શરતો મુજબની કાર્યવાહી હાથ ધરવાની શરતે આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. અન્ય શરતો યથાવત રાખવામાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ની તા.૧૯-૦૩-૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એમ.ભાવસાર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીત વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાના:-**

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ. સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,(નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ મારફત).
- સેકશન અધિકારીશ્રી,અ, ગ, બ-શાખા, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી,(કોમ્પ્યુટર સેલ) સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.